કોન્ટ્રાક્ટર અને તંત્રની 'ટકાવારી' સામે સ્થાનિક રહીશોનો પ્રચંડ આક્રોશ

વડોદરામાં વિકાસ ફરી ગાંડો થશે

સ્માર્ટ સિટી એવા વડોદરાના બિલ વિસ્તારમાં લાખોના ખર્ચે બનેલો નવો રોડ એક જ ઠોકરે ઉખડ્યો!

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરમાં ચોમાસાની ઋતુ નજીક આવી રહી છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી પ્રી-મોન્સૂન કામગીરી અને વિકાસના દાવાઓની પોલ ખૂલી ગઈ છે. શહેરના વોર્ડ નંબર 12 માં આવેલા બિલ પાણીની ટાંકી વિસ્તારમાં થોડા સમય પૂર્વે જ લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલો નવો રોડ પ્રથમ વરસાદ પહેલા જ સંપૂર્ણપણે બિસ્માર અને ખખરધજ હાલતમાં ફેરવાઈ ગયો છે. આ નવા નકોર રસ્તાની કપચીઓ અત્યારથી જ ઉખડવા લાગતા વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગત તેમજ મોટા પાયે આચરાયેલા ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે, જેને પગલે સ્થાનિક રહીશોમાં તંત્ર સામે પ્રચંડ આક્રોશ ફાટી નીકળ્યો છે.

શહેરના બિલ પાણીની ટાંકી વિસ્તારમાં પ્રજાની સુવિધા માટે તાજેતરમાં જ નવો ડામર રોડ મંજૂર કરીને બનાવવામાં આવ્યો હતો. જોકે, કોન્ટ્રાક્ટર દ્વારા આ રોડ બનાવવામાં એટલી હલકી ગુણવત્તા મટીરીયલ વાપરવામાં આવ્યું છે કે રસ્તો સાવ તકલાદી સાબિત થયો છે. માત્ર થોડા જ દિવસોમાં આખા રસ્તા પરથી ડામર અને કપચીઓ છૂટી પડી ગઈ છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, રોડનું કામ એટલું હલકી ગુણવત્તાનું છે કે જો પગની એક નાની ઠોકર મારવામાં આવે તો પણ આખો રોડ ઉખડી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

હજુ તો ચોમાસું શરૂ પણ નથી થયું ત્યાં જ જો રસ્તાની આ દશા હોય, તો આગામી દિવસોમાં ભારે વરસાદ દરમિયાન આખો રસ્તો ધોવાઈ જશે અને વહીવટી તંત્રના લાખો રૂપિયા પાણીમાં જશે તેવી પૂરેપૂરી સંભાવના છે. આ મામલે સ્થાનિક રહીશોએ પોતાનો રોષ ઠાલવતા વહીવટી તંત્ર અને સ્થાનિક નેતાઓ સામે આકરા પ્રહારો કર્યા હતા. સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો છે કે, પ્રી-મોન્સૂન કામગીરીના નામે પ્રજાની કચેરી કમાણીના અને કરવેરાના પૈસાનો ખુલ્લેઆમ વેડફાટ થઈ રહ્યો છે. આ નબળા કામ પાછળ કોન્ટ્રાક્ટર અને વહીવટી તંત્રના અધિકારીઓ વચ્ચે ચાલતી 'ટકાવારી' જવાબદાર હોવાનું પણ લોકો સ્પષ્ટપણે માની રહ્યા છે. રસ્તા પરથી ઉખડી રહેલી કપચીઓના કારણે વાહનચાલકો સ્લિપ થઈ રહ્યા છે અને અકસ્માતનો ભય પણ સતત તોળાઈ રહ્યો છે.

CCTV કેમેરા ફેરવી દીધા મહિલાઓએ ચોરીને અંજામ આપ્યો

અમદાવાડી પોળના મકાનમાંથી 8 મિનિટમાં રૂપિયા 5 લાખ રોકડ અને લેપટોપની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરના અમદાવાડી પોલ વિસ્તારમાં વહેલી સવારે મોટી ચોરીની ઘટના સામે આવી છે. તસ્કરોએ માત્ર 8 મિનિટના સમયગાળામાં ઘરમાં ઘૂસી અંદાજે રૂ.5 લાખની રોકડ રકમ તેમજ લેપટોપ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાને લઈને વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. પ્રાથમિક માહિતી મુજબ, ઘરમાલિક સવારે નિયમિત વોકિંગ માટે બહાર ગયા હતા. તે દરમિયાન તસ્કરોએ ઘર બંધ હોવાનો લાભ લઈ ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાલિકની પત્ની અને દીકરી વેકેશનને કારણે પિયર ગયા હોવાથી ઘરમાં અન્ય કોઈ હાજર નહોતું. ઘરમાં લાઈટ ન હોવાથી અંધારાનો લાભ લઈ તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો. મહિલાઓએ વિસ્તારની રેકી કરી હોવાની ચર્ચા સામે આવી રહી છે. સવારે અંદાજે 8:15 વાગ્યે તસ્કરો ઘરમાં ઘૂસ્યા હતા અને સૌપ્રથમ CCTV કેમેરાની દિશા ફેરવી દીધી હતી જેથી તેમની હરકતો કેમેરામાં સ્પષ્ટ કેદ ન થાય. તસ્કરો ઘરમાંથી રોકડ રકમ અને લેપટોપ લઈ થોડા જ મિનિટોમાં ફરાર થઈ ગયા હતા. જોકે આસપાસના CCTV ફૂટેજમાં કેટલીક શંકાસ્પદ હિલચાલ દેખાઈ રહી હોવાનું સામે આવ્યું છે. પોલીસે CCTV ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે અને શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ મેળવવાના પ્રયાસો શરૂ કર્યા છે. ઘટનાને લઈને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં FIR નોંધાઈ છે. પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે તેમજ વિસ્તારના CCTV કેમેરા અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે આરોપીઓ સુધી પહોંચવા કાર્યવાહી તેજ બનાવી છે.

પોલીસના ભયથી યુવકે ધાબા પરથી છલાંગ લગાવતા મોતનો કેસ

મહિના બાદ પણ FIR ન નોંધાતા પરિવારની રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરા શહેરના અટલાદરા વિસ્તારના માધવનગરમાં ગત 28 એપ્રિલના રોજ 31 વર્ષીય દિલીપ વસાવાનું શંકાસ્પદ મોત થતા મામલો ગંભીર બન્યો છે. પોલીસના કથિત મારથી ડરીને યુવકે ધાબા પરથી છલાંગ લગાવી હોવાનો પરિવારે આક્ષેપ કર્યો છે.

મૃતક દિલીપ વસાવાની બહેન કાજલબેન વસાવા અને સામાજિક કાર્યકર યોગેન્દ્ર બારોટ દ્વારા પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ કરાઈ હતી. પરિવારનો આક્ષેપ છે કે, પોલીસના કથિત મારથી ડરીને દિલીપે ધાબા પરથી છલાંગ લગાવી હતી, જેના કારણે તેનું મોત થયું હતું. સમગ્ર ઘટનાની તપાસ સ્પેશીયલ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હોવા છતાં એક મહિનો વીતી ગયા બાદ પણ કોઈ નક્કર કાર્યવાહી કે એફઆઈઆર નોંધાઈ નથી. ઉચ્ચ અધિકારીઓ તરફથી નિષ્પક્ષ તપાસની ખાતરી આપવામાં આવી હોવા છતાં તપાસમાં બેદરકારી દાખવવામાં આવી રહી હોવાનું પરિવારનું કહેવું છે. પીડિત પરિવારે ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે આરોપીઓ સામે ગુનો નોંધી યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો તેઓ ન્યાય માટે કોર્ટના દ્વાર ખખડાવશે. પરિવારજનોએ પોલીસ ભવન ખાતે રજૂઆત કરી જવાબદાર લોકો સામે તાત્કાલિક ગુનો નોંધવા માંગ કરી છે.

વડોદરામાં કાળઝાળ ગરમી યથાવત, મહત્તમ તાપમાન 40.6 ડિગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

રાજ્યમાં પડી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે શનિવારે વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 40.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. આજે હવામાનમાં પલટો જોવા મળી શકે છે, પરંતુ આગામી 6 દિવસ દરમિયાન ગરમીનું જોર યથાવત રહેશે. આગામી 6 દિવસ ગરમીનું જોર રહેશે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં સૂકું હવામાન, તાપમાન 40 ડિગ્રીને પાર જશે. વડોદરાનું મહત્તમ તાપમાન 40.6 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 29.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ભેજનું પ્રમાણ સવારે 57 ટકા અને સાંજે 38 ટકા રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી અઠવાડિયામાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નથી. મોટાભાગના વિસ્તારોમાં હવામાન સૂકું રહેવાની આગાહી છે. રાજ્યના છૂટાછવાયા વિસ્તારોમાં તાપમાન 40 ડિગ્રીથી ઉપર જઈ શકે છે.

માંજલપુર પોલીસની મધરાતે રેડ : રૂ.69 હજારનો મુદ્દામાલ જપ્ત

વડસર બ્રિજ પાસે ખુલ્લા પ્લોટમાં જુગાર રમતા 10 ખેલી ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં વડસર બ્રિજ નજીક કાશીબાનગર ખાતે ખુલ્લા પ્લોટમાં હારજીતનો જુગાર રમતા 10 ખેલીને પોલીસે મોડી રાત્રે ઝડપી પાડ્યા હતા.પોલીસે સ્થળ પર રેડ કરતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન સહિત રૂ.69 હજારનો મુદ્દામાલ કબજે કરીને તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. માંજલપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે એ.એસ.આઈ. રોહિતકુમાર સમાભાઈ તથા અ.હેડ કોન્સ્ટેબલ જીગર અમૃતભાઈને બાતમી મળી હતી કે વડસર બ્રિજની નીચે કાશીબાનગર વિસ્તારમાં આવેલા ખુલ્લા પ્લોટમાં 8 થી 10 જેટલા લોકો ગોળ કુંડાળું બનાવી જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે રાત્રે આશરે 11 વાગ્યે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળને ચારેય બાજુથી કોર્ડન કરીને તમામ ખેલીને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન મોહમદ જીસાન સલીઉદ્દીન સીદ્દીકી, સાહેદખાન મકસુદખાન પઠાણ, મુત્તુસીંગખાન વસીમખાન પઠાણ, સાહમહમદ સલીમમહમદ શેખ, સમીર એહમદ જહીર એહમદ ખાન, ગુફરાગ મિનહાઝખાન પઠાણ, મહમદ અલીઅકબર હનીફ શેખ, આબુબકરખાન મીનાઝખાન પઠાણ, મેહતાબ કેસરઅલી સૈયદ અને મહમદ હનીફ હસરૂદ્દીન શેખની ધરપકડ કરાઈ હતી. આરોપીઓ પાસેથી રોકડ રૂ.25 હજાર અને 6 મોબાઈલ મળીને રૂ.44 હજાર સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

ખોટું સોગંદનામું બનાવી છેતરપિંડી

વારસદારોનો હક ડુબાડી બે મિલકત પચાવીનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરાના હરણી રોડ વિસ્તારમાં રહેતા 64 વર્ષીય ભરતભાઈ રમણલાલ સોનીએ પોતાના પિતરાઈ ભાઈઓ સામે ખોટું સોગંદનામું બનાવી પરિવારના અન્ય કાયદેસર વારસદારોનો મિલકતમાં રહેલો હક ડુબાડ્યાનો ગંભીર આક્ષેપ કર્યો છે. વર્ષ 2018માં ખોટી વિગતો સાથે સીટી સર્વે કચેરીમાં દસ્તાવેજી નોંધ કરાવી મિલકતો પોતાના નામે ચડાવ્યાનો આરોપ પણ કરવામાં આવ્યો છે.

જેથી વારસદારે વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, હરણી રોડ વિસ્તારમાં રહેતા ભરતભાઈ સોનીના દાદા પોપટલાલ ઉર્ફે ઓગળભાઈ દેવજીભાઈ સોનીની ચુડા ગામ ખાતે આવેલી મિલકત તેમજ વડોદરાની કુબેરભાઈ ચંદની પોળ વિસ્તારમાં આવેલી પેઢીથી મળેલી મિલકતોમાં પરિવારના તમામ વારસદારોનો હક હતો.

જોકે વર્ષ 2023 દરમિયાન ગ્રામ પંચાયત ખાતે વેરો ભરવા જતા મિલકત તેમના કાકાના દીકરાઓ ચંદ્રેશભાઈ અને દિલીપભાઈના નામે નોંધાઈ ગયાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ સીટી સર્વેની નકલ મેળવતા આરોપીઓએ માત્ર રૂ.50ના સ્ટેમ્પ પેપર પર ખોટું સોગંદનામું બનાવી અન્ય વારસદારોને નિસંતાન મૃત્યુ પામેલા દર્શાવી નોંધ દાખલ કરાવી હોવાનું સામે આવ્યું હતું.

સમગ્ર મામલો નાયબ કલેક્ટર કોર્ટ સુધી પહોંચતા નોંધો રદ કરી પુરાવાના આધારે નવેસરથી કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. હાલ વાડી પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

અધિકારીઓના અસંવેદનશીલ વર્તનથી જનતામાં ભારે રોષ

વડોદરાના વોર્ડ નંબર 7માં પીવાના પાણીની વિકટ સમસ્યા,ઉગ્ર આક્રોશ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરામાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે પીવાના પાણીની સમસ્યા દિવસેને દિવસે ગંભીર બની રહી છે. શહેરના વોર્ડ નંબર 7 હેઠળ આવતા રોશન નગર અને મસ્તાન બાબાની દરગાહ નજીકના વિસ્તારોમાં છેલ્લા ચારથી પાંચ મહિનાથી પૂરતું અને શુદ્ધ પાણી ન મળતાં સ્થાનિક રહીશો ભારે પરેશાન બન્યા છે. સમસ્યાનો ઉકેલ ન આવતા મહિલાઓ રસ્તા પર ઉતરી આવી હતી અને માટલા ફોડી પાલિકા તંત્ર સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, વિસ્તારમાં લાંબા સમયથી નળમાં પાણી આવતું નથી. ગરમીની ઋતુમાં લોકોને પીવાના પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે. રહીશોએ આક્ષેપ કર્યો હતો કે રમઝાન, મોહર્રમ અને બકરી ઈદ જેવા તહેવારો દરમિયાન પાણીનો પુરવઠો વધુ ખોરવાઈ જાય છે અને ક્યારેક ગંદુ તથા દૂષિત પાણી આપવામાં આવે છે. રહીશોએ વોર્ડના અધિકારીઓ જગદીશ સોની અને આલોક શાહ સામે પણ નારાજગી વ્યક્ત કરી હતી. લોકોના જણાવ્યા મુજબ પાણી મુદ્દે રજૂઆત કરવા ફોન કરવામાં આવે ત્યારે સંતોષકારક જવાબ મળતો નથી. "આ કોઈ ઝોમેટોની ઓફિસ નથી" જેવા જવાબોથી લોકોમાં વધુ રોષ ફેલાયો છે. આ ઉપરાંત ટેક્સ બાકી હોવાનો બહાનો બતાવી પાણી ન આપવાનો પણ આક્ષેપ થયો હતો. મહિલાઓએ જણાવ્યું કે ઘણા પરિવારો નિયમિત વેરો ભરતા હોવા છતાં પાણીથી વંચિત છે. અધિકારીઓ રહીશોને જ બાકીદારોના કનેક્શન કાપવા કહેતા હોવાનો પણ આરોપ મૂકાયો હતો. સ્થાનિકોએ જણાવ્યું કે અગાઉ પણ લેખિત રજૂઆતો અને વિરોધ પ્રદર્શન છતાં સમસ્યાનું નિરાકરણ આવ્યું નથી. રહીશોએ ચીમકી આપી છે કે જો સોમવાર સુધી નિયમિત અને શુદ્ધ પાણીનો પુરવઠો શરૂ નહીં થાય તો પાલિકા કચેરી ખાતે વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

સુરક્ષાના અભાવે જીવના જોખમે કામ

વડોદરા રેલ્વે સ્ટેશને ટ્રેન નીચે મજૂરનો પગ કપાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરા રેલ્વે સ્ટેશન ખાતે રોજીંદી મજુરી કરતા ગરીબ મજૂરો પોતાના જીવના જોખમે કામ કરવા મજબૂર બન્યા છે. એક દુખદ ઘટનામાં એક મજૂર ટ્રેન નીચે આવી જતા તેનો પગ કપાઈ ગયો હોવાની માહિતી મળી છે. આ ઘટનાને લઈને મજૂર વર્ગમાં ભારે રોષ અને ભયનો માહોલ જોવા મળ્યો છે.

દિવસ રાત મહેનત કરતા મજૂરો ભગવાનના ભરોસે કામ કરે છે. સવાલ એ ઊભો થાય છે કે આ મજૂરો માટે સુરક્ષાની કોઈ વ્યવસ્થા છે કે નહીં. રેલવે પ્રશાસન કે મજૂરોના કોન્ટ્રાક્ટર દ્વારા મજૂરોનું પીએફ કપાય છે કે નહીં, મજૂરોનો વીમો ઉતારવામાં આવ્યો છે કે નહીં, તે અંગે શંકા વ્યક્ત કરવામાં આવી છે. અનેક યુનિયન હોવા છતાં ગરીબ મજૂરોના હકો માટે કોણ આગળ આવશે તે પણ ચર્ચા નો વિષય બન્યો છે. સુરક્ષાના આભાવે આવી સ્થિતિ સર્જાય છે અને ઈજાગ્રસ્ત મજુરને યોગ્ય સારવાર મળશે કે નહીં તે મોટો પ્રશ્ન છે.

વડોદરા રેલવે લિઝ હોલ્ડરના પ્રમુખ ગોપાલભાઈ શાહે જણાવ્યું કે આ મજૂરને ન્યાય મળવો જોઈએ, નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને સરકાર દ્વારા તેને સહાય પણ મળવી જોઈએ. માત્ર બેઠકો અને વાતો નહીં પરંતુ, પીડિત મજુરને આર્થિક સહાય, યોગ્ય સારવાર અને પરિવારને સહારો મળે તેવી માંગણી ઉઠી છે. રેલવે પ્રશાસન, કોન્ટ્રાક્ટર અને સંબંધિત વિભાગો આ ઘટનાને ગંભીરતાથી તપાસ કરી જવાબદારી નક્કી કરે અને ભવિષ્યમાં પણ દુર્ઘટના ન બને તે માટે કડક સુરક્ષા વ્યવસ્થા અમલમાં મુકાવે તેવી માંગણી કરવામાં આવી છે.

વૃદ્ધાને પુત્ર વધૂ ઘરમા નોકરાનીની જેમ કામ કરાવી જમવાનું પણ આપતી નથી

મિલકત-દાગીના લીધા બાદ વૃદ્ધાને દીકરાની વહુએ ઘરમાંથી કાઢી મૂકી

અઠવાડિયાથી સંબંધીના ઘરે રહેતી મહિલાએ 181 મહિલા હેલ્પલાઇનની મદદ લીધી

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

શહેરના બાપોદ વિસ્તારમાં રહેતી 75 વર્ષીય વૃદ્ધ મહિલાએ પોતાના પુત્ર અને વહુ દ્વારા હેરાનગતિ કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરાયો છે. ઉપરાંત વૃદ્ધાને ઘરમાંથી કાઢી મુકતા 181 મહિલા હેલ્પલાઈનની મદદ માગી હતી. મહિલાનો આક્ષેપ હતો કે તેમની મિલકત અને સોનાના દાગીના લઈ લેવામાં આવ્યા છે તેમજ તેમને ઘરેથી બહાર કાઢી મુકાતા તેઓ છેલ્લા એક અઠવાડિયાથી સંબંધીના ઘરે રહેવા મજબૂર બન્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ, વડોદરા શહેરમાં રહેતી વૃદ્ધ મહિલાએ 181 ટીમને જાણ કરી હતી કે તેમની વહુ દ્વારા ઘરકામ કરાવવામાં આવે છે અને કોઈ બાબતે વિરોધ કરતા તેમને જમવાનું પણ આપવામાં આવતું નથી.

ઉપરાંત, હવે ઘરે રાખવા માટે પણ ના પાડવામાં આવતી હોવાનું મહિલાએ જણાવ્યું હતું. ઘટનાની જાણ થતા 181 ટીમ બાપોદ વિસ્તારમાં પહોંચી હતી અને પીડિત મહિલાના વહુનું કાઉન્સેલિંગ કર્યું હતું.

ટીમે વહુને સમજાવ્યું હતું કે વૃદ્ધ મહિલાની ઉંમર ૭૫ વર્ષ હોવાથી તેમની સાથે સન્માનપૂર્વક વર્તન કરવું જોઈએ, તેમને ઘરકામ ન કરાવવું જોઈએ તેમજ જમવાનું અને જરૂરી સંભાળ આપવી જરૂરી છે. સાથે જ વૃદ્ધ મહિલાને ઘરેથી બહાર ન કાઢવા અને તેમની યોગ્ય રીતે સેવા કરવા અંગે પણ સમજાવવામાં આવ્યું હતું. કાઉન્સેલિંગ બાદ વહુ પાસેથી લેખિત ખાતરી લેવામાં આવી હતી અને ત્યારબાદ વૃદ્ધ મહિલા પોતાની વહુ સાથે ઘરે જવા માટે તૈયાર થઈ ગયા હતા.

તિરુવલ્લી-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાં ચોરી

ટ્રેનમાં મહિલાનું રૂ.1.64 લાખ ભરેલુ પર્સ ચોર સેરવી ગયો

વડોદરા નજીક આવતા જ ચોરે ખેલ પાડ્યો, કેરળની મહિલાએ ચોરીની ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

તિરુવલ્લી-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી દરમિયાન કેરળની નિવૃત્ત મહિલા ઊંઘી જતા ગઠિયો તેમનું પર્સ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. વડોદરા રેલવે સ્ટેશન નજીક અજાણ્યા ગઠિયાએ ખેલ પાડ્યો હતો. પર્સમાં મોબાઈલ, રોકડ રકમ તેમજ મહત્વના દસ્તાવેજો મળી કુલ અંદાજે રૂ.1.64 લાખનો મુદ્દામાલ હતો. શોધખોળ કરવા છતાં પર્સ નહીં મળતા મહિલાએ હવે વડોદરા રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. કેરળ રાજ્યના મલ્લપલ્લી ઈસ્ટ વિસ્તારમાં રહેતી 64 વર્ષીય ઉપાકુમારી સોમનાથન પીલ્લઈ તા.26 માર્ચના રોજ તિરુવલ્લી-ભાવનગર એક્સપ્રેસમાં પરિવાર સાથે અમદાવાદ જઈ રહ્યા હતા. મુસાફરી દરમિયાન તેમણે કાળા રંગનું ગોલ્ડન હેન્ડલવાળું લેડીઝ પર્સ માથા નીચે રાખીને ઊંઘી ગયા હતા. તા.28 માર્ચની વહેલી સવારે વડોદરા રેલવે સ્ટેશન આવતાં પહેલાં તેઓ બાથરૂમ જવા માટે જાગ્યા ત્યારે પર્સ ગાયબ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. આસપાસ તપાસ કરવા છતાં પર્સ મળી આવ્યું નહોતું. ચોરી થયેલા પર્સમાં રૂ.10 હજાર રોકડ, સેમસંગ કંપનીનો Flip-4 મોબાઈલ ફોન, SBI બેંકનું ATM કાર્ડ, આધારકાર્ડ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, મેડિકલ કાર્ડ સહિત અન્ય જરૂરી દસ્તાવેજો હતા. મહિલાએ મોબાઈલના દુરુપયોગને અટકાવવા માટે હેલ્પલાઈનમાં ફરિયાદ નોંધાવી હતી. વડોદરા રેલવે પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

AAP રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે

(પ્રતિનિધિ), વડોદરા. તા.23

ગુજરાતના રાજકારણમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ મોટો આશ્ચર્યજનક વળાંક આવ્યો છે. ગુજરાતની જનતાએ આમ આદમી પાર્ટી પર અભૂતપૂર્વ વિશ્વાસ મૂકીને તેને રાજ્યના મુખ્ય વિપક્ષ તરીકે સ્થાપિત કરી દીધી છે. આ ઐતિહાસિક સફળતાની ખુશી વ્યક્ત કરવા અને આગામી સમયમાં ગુજરાતના રાજકીય ચિત્રને બદલવા માટે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ આગામી 24, 25 અને 26 મેના રોજ ત્રણ દિવસના મહત્વપૂર્ણ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. મનોજ સોરઠીયાએ નર્મદા જિલ્લા અને રાજપીપળાની તમામ પ્રજાને અપીલ કરતાં જણાવ્યું છે કે, આ જીત એ જનતાની જીત છે. 25 મેના રોજ યોજાનારા આ ભવ્ય રોડ શોમાં નર્મદા જિલ્લાના તમામ નાગરિકો ઉમટી પડે, અરવિંદ કેજરીવાલના વિચારોને સાંભળે તેમ જણાવ્યું હતું.

ખનન માફિયાઓ પાપ છુપાવવા ઘટનાસ્થળેથી ફરાર

ડેસરમાં રેતી ખનન દરમિયાન ભેખડ ધસી પડતાં બે નિર્દોષ શ્રમિકોના મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.23

વડોદરા જિલ્લાના ડેસર તાલુકામાં કાયદાના લીરેલીરા ઉડાડીને ચાલી રહેલા ગેરકાયદેસર રેતી ખનનના કાળા કારોબારે ગત મોડી રાત્રે બે શ્રમિકોનો ભોગ લીધો છે. નદી કિનારે ચાલી રહેલા ગેરકાયદે ઉત્ખનન દરમિયાન અચાનક માટીની એક વિશાળ ભેખડ ધસી પડતાં હિટાચી મશીનના ઓપરેટર અને એક ટ્રક કંડક્ટર કાળના મુખમાં ધકેલાઈ ગયા હતા. આ ભયાનક દુર્ઘટના સર્જાતા જ પોતાની ચામડી બચાવવા માટે ખનન માફિયાઓ અને અન્ય શખ્સો વાહનો છોડીને ઘટનાસ્થળેથી રાતોરાત ફરાર થઈ ગયા હતા.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ડેસર વિસ્તારમાં રાતના અંધારાનો લાભ લઈને મોટા પાયે ગેરકાયદેસર રેતી ચોરીનું રેકેટ ચાલી રહ્યું હતું. ગત મોડી રાત્રે જ્યારે હિટાચી મશીન વડે નદીના પટમાંથી રેતી કાઢીને ટ્રકોમાં ભરવામાં આવી રહી હતી, ત્યારે અચાનક ઉપરથી માટીની મહાકાય ભેખડ ધસી પડી હતી. આ અકસ્માત એટલો ઝડપી હતો કે મશીન ઓપરેટર અને નજીક ઉભેલા ટ્રક કંડક્ટરને ભાગવાનો મોકો પણ મળ્યો નહીં. ટનબંધ માટી નીચે બંને શ્રમિકો જીવતા દટાઈ ગયા હતા. ઘટનાને પગલે ત્યાં કામ કરી રહેલા અન્ય મજૂરોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. દુર્ઘટના બાદ દટાયેલા શ્રમિકોને બચાવવાના બદલે ખનન માફિયાઓએ પુરાવા નાશ કરવા અને પોલીસ પકડથી બચવા માટે દોડધામ શરૂ કરી દીધી હતી. પ્રાથમિક અહેવાલો મુજબ, ખનન માફિયાઓ દ્વારા આ સમગ્ર મામલાને દબાવી દેવા અને મામલો રફેદફે કરવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવ્યું હતું. પરંતુ પાપનો ઘડો ભરાઈ ચૂક્યો હોવાથી આ વાત વાયુવેગે પંથકમાં પ્રસરી ગઈ હતી, જેથી માફિયાઓ ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ડેસર પોલીસનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયો હતો. ભારે જહેમત બાદ માટી નીચેથી બંને શ્રમિકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ડેસર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે. હાલમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે સમગ્ર ડેસર પંથકમાં ભારે ચકચાર સાથે અરેરાટી વ્યાપી ગઈ છે.

રૂ. 2.11 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ST ડેપો પાસેથી રૂ. 4.126 કિલો ગાંજા સાથે કેરીયર ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.23

વડોદરા શહેરના સેન્ટ્રલ એસ.ટી. ડેપોના અંદરના વિસ્તારમાંથી સયાજીગંજ પોલીસે ગેરકાયદેસર ગાંજાના જથ્થા સાથે કેરીયરને ઝડપી પાડી એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે આરોપી પાસેથી 4 કિલો 126 ગ્રામ ગાંજો, મોબાઈલ ફોન અને બેગ સહિત રૂ. 2,.11 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર તથા અધિક પોલીસ કમિશ્નર સુધીર દેસાઈની સુચના હેઠળ સયાજીગંજ પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એક યુવક મરૂન રંગની બેગમાં માદક પદાર્થ લઈને વેચાણ માટે ફરતો હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ પોલીસ એફ એસએલ અધિકારી અને ક્રાઈમ સીન મેનેજરની ટીમ સાથે રેડ પાડતા આરોપી ઘનશ્યામસિંઘ લક્ષ્મણસિંઘ ભોક્તા (રહે. ચતરા જિલ્લો, ઝારખંડને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી રૂ. 2.06 લાખ કિંમતનો ગાંજો, એક મોબાઈલ તથા બેગ મળી આવી હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે અને ગાંજાનો જથ્થો મંગાવનાર 'રૂપા' નામના શખ્સની શોધખોળ શરૂ કરી છે.